ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૩ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરમાં યોજાયેલ પ્રથમ 'હેપ્પી સ્ટ્રીટ'

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં આજે પ્રથમ વખત 'હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૫૦૦૦ વ્યકિતઓ ઉપસ્થિત રહેતા અદભુત સફળતા મળી હતી. ૫૦૦૦ યુવાનોની ઉપસ્થિતિ હોવા છતાં સંપૂર્ણ શિસ્ત બધ્ધ રીતે કાર્યક્રમ સંપૂર્ણ થયો હતો.

આપણું ફાઉન્ડેશન ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી ઘ-૪ થી ગ-૪ના સેકટર-૧૨ બાજુના રોડ ઉપર હેપ્પી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ યુવાનોને સ્વચ્છતા આયોજનમાં જોડવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. જેમાં અદભુત સફળતા મળી હતી. અંદાજે ૫૦૦૦ જેટલા યુવાનોએ સ્વયમ ઉપસ્થિત રહી એરોબિક ડાન્સ, ઝુમ્બા ડાન્સ, સેલ્ફી ઝોન, સિગ્નેચર બોર્ડ, પેઈન્ટીંગ, એથ્લેટિક તથા અન્ય કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. યુવાનોએ સેગ્રીગેશન માટે બ્લ્યુ અને ગ્રીન પ્લેજ માટે મહાનગરપાલિકા દ્વારા ડીસ્પ્લેમાં આવેલ બેનરોથી પ્રેરણા મળેથી શપથ લીધા હતા. માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા ભીનો કચરો લીલી ડોલમાં અને સુકો કચરો વાદળી ડોલમાં અલગ રાખી અને તેને વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરવાથી કચરાના પ્રમાણને ઘટાડી શકાય અને ફરીથી વાપરવાલાયક અને કચરામાંથી ગેસ, ખાતર, ઉર્જા મેળવી આવક પણ ઉભી કરી શકાય તેવો વિચાર યુવાનોમાં પહોંચે તે માટે યુવાનોમાં પ્રિય એવી 'હેપ્પી સ્ટ્રીટ'ના કાર્યક્રમનો ઉપયોગ કરવામાં આવેલ હતો.





સદર કાર્યક્રમમાં કોર્પોરેશનના નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, કોર્પોરેટરશ્રી, હર્ષાબા ધાંધલ, જયદેવભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લોક પ્રતિનિધિ શ્રી પ્રદિપસિંહ વાઘેલ, વિનોદભાઈ ઉદેચા ઉપસ્થિત રહ્યા હતા જાણીતા ગુજરાતી સીરીયલના અભિનેતા જનક ઠકકરે પણ ઉપસ્થિત રહી લોકોને અલગ અલગ ડસ્ટબીનમાં અલગ અલગ કચરો રાખવાની અપીલ કરી હતી. નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી એ પણ સ્વચ્છતા અંગે સર્વે યુવાનોને અપીલ કરી હતી તથા સ્વચ્છતા થકી સ્વસ્થતા મેળવવા અનુરોધ કરવામાં આવેલ હતો.

## @ગાંધીનગર

● વન વિભાગ દ્વારા કવિ સંમેલન અને ગ્રંથ વિમોચન સાંજે ૭:૦૦ કલાકે અક્ષરધામ પાસે તાલીમ અને સંશોધન ભવન કોન્ફરન્સ હોલ જ-રોડ ખાતે યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો પ્લોટ નં - ૨૫૫-૧, સેકટર - ૨૨ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમ્યાન યોજાશે.

● સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સે - ૧૨ ખાતે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે ફોર્મ વિતરણ સવારે ૧૦:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે.

● શહેર જાગૃત નાગરિક પરીષદની બેઠક સાંજે ૫:૦૦ કલાકે સે - ૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સવારે ૯:૦૦ કલાકે ટાઉનહોલ સે - ૧૭ ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

● નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૫ મી જુનને વિશ્વ પર્યાવરણ દિન નિમિતે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન નિબંધ સ્પર્ધા તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

# નાળામાં ભરેલા વરસાદી પાણીથી દેશી દારૂ બનાવતી ભઠ્ઠી પકડાઈ

**એલસીબીની ટીમે કલોલ તાલુકાના શેરીસા ગામમાં દરોડો પાડી ૨૮૦ લીટર દેશી દારૂ અને ૮૦૦ લીટર વૉશના જથ્થા સાથે બેને પકડયા**





ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા શેરીસા ગામની સીમમાં ધમધતા દેશી દારૂના ભઠ્ઠા ઉપર એલસીબીની ટીમે દરોડો પાડી બે બુટલેગરોને પકડી પાડયા હતા. એલસીબીની ટીમ પણ દેશી દારૂ બનાવવા વપરાતા માલને જોઈને ચોંકી ગઈ હતી. નાળામાં ભરેલા વરસાદી પાણીથી દારૂ બનાવાતો હતો. ૨૮૦ લીટર દેશી દારૂ અને ૮૦૦ લીટર દારૂ ગાળવા વપરતા વોશનો જથ્થો જપ્ત કરી બે ગુનાઓ સાંતેજ પોલિસ સ્ટેશનમાં દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ આચરતા તત્વોની વૉચ રાખી હાલ પણ આ પ્રવૃત્તિઓ કરતા શખ્સોને પકડવા ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ સક્રિય થઈ છે. જે અનુસંધાને કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલી એલસીબીની ટીમના કોન્સ્ટેબલ જયપાલસિંહને બાતમી મળી કે સાંતેજ નજીકના શેરીસા ગામમાં દેશી દારુની ભઠ્ઠી ધમધમે છે જેને આધારે ટીમે રેડ પાડી વરસાદી પાણીના ભરાયેલા નાળામાં ઉતરીને ટીમે ભઠ્ઠા ઉપર દરોડો પાડયો હતો. લીલયુકત અતિદુર્ગંધ મારતા આ દુષિત પાણીથી બુટલેગરો દેશી દારુ બનાવતા હતા. દરોડો પાડીને ટીમે ૨૮૦ લીટર દેશી દારૂ અને ૮૦૦ લીટર દારૂ ગાળવા વપરાતા વોશનો જથ્થો જપ્ત કરી શેરીસાના બુટલેગર બાદર કાનાજી ઠાકોર અને રમણ ડાહ્યાજી ઠાકોર બંને સામે સાંતેજ પોલિસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોબા નજીક રીવોલ્વરની અણીએ યુવાનનું અપહરણ કરીને લુંટ

**મહારાષ્ટ્ર પાસીંગની કારમાં આવેલા બે શખ્સોએ રાત્રે અકસ્માત સર્જયા બાદ યુવાન સાથે ઝગડો કરી તેની જ બ્રીઝા કારમાં અપહરણ કર્યું : પાલનપુર લઈ જઈને યુવાનને ઉતારી દઈ લુંટારું કાર, મોબાઈલ અને પાકીટ લુંટીને ફરાર**

ગાંધીનગર, તા.૪

મહેસાણાના કાર શો રૂમમાં નોકરી કરતો યુવાન તેના બોસને લેવા બ્રીઝા કાર લઈને એરપોર્ટ જવા નીકળ્યો હતો ત્યારે કોબા અડાલજ માર્ગ પર રાત્રીના સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેની કારને એક મહારાષ્ટ્ર પાસીંગની કારે ટકકર મારી ઝગડો કર્યો હતો. મહારાષ્ટ્ર પાસીંગની કારમાંથી બીજો એક યુવાન નીકળ્યો અને રીવોલ્વર લમણે તાકીને તેની જ બ્રીઝા કારમાં યુવાનને સાઈડ સીટ પર બેસાડી દઈ અપહરણ કરી પાલનપુર લઈ ગયો હતો. પાલનપુર ઉતારી મુકીને ૧૦ લાખની કાર, એક મોબાઈલ અને પાકીટ લુંટી લઈ લુંટારું રફફુચક્કર થઈ ગયા હતા. આ ઘટના અંગે અડાલજ પોલિસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ એક મહિના પહેલા ૨૯ એપ્રિલે રાત્રે મહેસાણાના મોટી ડવ ગામનો યુવાન ચિરાગ ગાંડાભાઈ પટેલ કે જે એક કાર શૉ રૂમમાં નોકરી કરે છે તે પોતાની બ્રીઝા ગાડી લઈને તેના બોસને લેવા એરપોર્ટ જઈ રહ્યો હતો. અડાલજ-કોબા રોડ પર એક મહારાષ્ટ્ર પાસીંગની કાર સાથે તેને અકસ્માત થયો એટલે તેમાંથી યુવાન ડ્રાઈવર ઉતર્યો અને ઝગડો કરી રૂ. ૫ હજાર માંગ્યા. રૂપિયા નથી તેવું કહેતા ગાડીમાંથી બીજો યુવાન ઉતર્યો અને રીવોલ્વર કાઢી ચિરાગના લમણે તાકી બ્રીઝા ગાડીમાં બાજુની સીટ પર બેસાડી દીધો. ચિરાગની ગાડીમાં જ તેનું અપહરણ કરી પાલનપુર તરફ ગાડી લઈ લીધી. કોઈ અવાવરુ જગ્યાએ ચિરાગને પાલનપુર બાજુ ઉતારી દીધો અને તેની ૧૦ લાખની જીજે ૨ સીએ ૬૩૮૩ નંબરની બ્રીઝા ગાડી અને મોબાઈલ તથા પાકીટ લુંટી તે લુંટારૂ ફરાર થઈ ગયા હતા. આ ઘટના નાટક હોવાનું લાગતું હોવાથી ખરાઈ કર્યા બાદ ફરિયાદ નોંધી હોવાનું પોલિસનું કહેવું છે. અડાલજ પીએસઆઈ એસ.જી. દેસાઈએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ભારત-પાકિસ્તાન મેચને અનુલક્ષી સોશ્યલ મિડીયામાં સતત કટાક્ષના મેસેજ ફરતા રહ્યા હતા.

● જીપીએસસી વર્ગ૧ અને ૨ની પરીક્ષા દરમિયાન ઉમેદવારોને અઘરા પ્રશ્નપત્રએ મુંઝવ્યા હતા બીજી તરફ આકરી ગરમી અને અસહ્ય બફારો પણ તેમના માટે કસોટીરૂપ બન્યો હતો.

● ગાંધીનગર શહેરના સેવાભાવી યુવક વિજયસિંહ માજીરાણાએ પોતાના ૩૨મા જન્મદિને નગરમાં ૩૨ વૃક્ષોનું વાવેતર કરી સમાજમાં અનોખું ઉદાહરણ પુરું પાડયું છે.

# નિસર્ગ દ્વારા ઈ વેસ્ટ કલેકશન કાર્યક્રમ યોજાશે

આપણી પૃથ્વી પર આવેલા કુદરતી સ્ત્રોતો થકી આપણું જીવન ચાલી રહ્યું છે. આપણે આજે જે પણ ભૌતિક વિકાસ કરી રહ્યા છે તેમાં કુદરતી સ્ત્રોતોનું દહન થાય છે. વિકાસની આંધળી દોટમાં આપણે ખુબ જ પ્રદુષણ કરી રહ્યા છીએ. હવાના પાણીના પ્રદુષણની માફક આપણા ઘરમાં ઈલેકટ્રોનીક અને ઈલેકટ્રીક કચરો જેને આપણે ઈ વેસ્ટ કહીએ છીએ, તે આજે વધુ માત્રામાં ઘરમાં ભેગો થતો જાય છે. આ ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ કરવો જરૂરી છે. જયારે આ ઈ-વેસ્ટ કચરો ગમે ત્યાં નાખવાથી તે વધુ જોખમી રીતે પર્યાવરણને નુકશાન પહોંચાડે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર અને ઈ-કોલાઈ વેસ્ટમેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડના સંયુકત ઉપક્મે તા.૫ અને ૬ જુનના રોજ ઘરમાં રહેલા જુના ટીવી, રીમોર્ટ, કી-બોર્ડ, કોમ્પ્યુટર, પાર્ટસ, કેલ્ક્યુલેટર, પ્રિન્ટર, જેવા બંધ અને બિન ઉપયોગી ઈ વેસ્ટ કલેકશન કરવામાં આવશે. શહેરીજનો ઘરમાં પડેલો ઈ-વેસ્ટ સવારે ૯.૩૦ થી ૧.૩૦ દરમિયાન નિર્સગ સાયન્સ સેન્ટર બ્લોક નં- ૬૧-૧ ઘ ટાઈપ સેકટર-૨૩ ખાતે જમા કરાવી શકશે. આ ઈ-કોલાઈ વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા આપના દ્વારા આપવામાં આવેલ ઈ-વેસ્ટની લીસ્ટમાં દર્શાવેલ યોગ્ય કિંમત પણ ચુકવવામાં આવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**સંકેત પવાર**
**ડાન્સર, કોરિયોગ્રાફર**

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર એ કલા અને સંસ્કૃતિ તથા સુંદરતા અને હરિયાળીથી ભરેલી ભૂમિ છે એટલે મને ગમે છે.

**નગરજનો**
કલાપ્રેમી અને સેવાપ્રેમી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જી ઈ કલબ, પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
કલાની પ્રવૃત્તિઓ નગરમાં જેટલી થાય છે તેટલી કલાકારોને તૈયાર કરવાની પ્રવૃત્તિઓ થાય તો હું માનું છું કે અહીંના કલાકારો દુનિયામાં નામ કાઢે એવા છે. આ દિશામાં કોઈ ઠોસ પ્રયાસ હાથ ધરાય તેવી જરૂર છે.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધન માટેનાં સઘળાં કામો માટે શહેરને હું મારી સઘળા પ્રકારની સેવા, સહાય આપવા માટે તૈયાર છું.

# વૃક્ષોના જતનની જવાબદારી આપણે જ ઉપાડી લેવી જરૂરી

**સે-૭ના નિવૃત્ત મામલતદાર કે.કે. પટેલને વૃક્ષોની સંખ્યામાં વધારો કરી કુદરતનું ઋણ ચુકવવું છે : દરરોજ વૃક્ષોને જળ સિંચનનો નિત્યક્રમ ધરાવતા કે.કે. પટેલને સાહિત્ય તથા જૂના ફિલ્મી ગીતોનો પણ ગજબ શોખ છે**



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કેટલાક માર્ગો પર વહેલી સવારે એક આધેડ સજ્જન કેટલાક બાળકો સાથે હાથમાં કેરબો લઈને જોવા મળી જાય છે. આ સજ્જન કેટલાક નાના વૃક્ષો અને છોડ પાસે જઈ તેને જળ સિંચન કરે છે અને પોતાની સાથેના બાળકોને પણ વારાફરથી કેરબો આપી વિવિધ વૃક્ષોને જળ સિંચન કરાવે છે. બાળકો પણ આનંદથી આ કાર્ય કરે છે અને 'દાદા હવે મારો વારો' કહેતા જળસિંચન કરવા માટે પડાપડી કરે છે. આ સજ્જન એટલે સે-૭માં રહેતા કે.કે. પટેલ જેઓ નિવૃત્ત મામલતદાર છે અને હાલ વિવિધ સંસ્થાઓમાં કાયદાકીય તાલીમ આપવાનું કામ કરે છે. જીવનોપયોગી સાહિત્યના ભાવક એવા કે.કે. પટેલની વૃક્ષો પ્રત્યેની લાગણી પણ આજના તા. ૫મી જુન વિશ્વ પર્યાવરણ દિવસે જાણવા જેવી છે.

કાન્તિભાઈ કેવળદાસ પટેલ ઉર્ફે કે.કે. પટેલના નામથી ઓળખાતા આ સજ્જન મૂળ બહુચરાજી તાલુકાના દેદરડા ગામના વતની છે. ખેડૂત પરિવારના દસ સંતાનોમાં પાંચમા ક્રમે જન્મેલા કે.કે. પટેલે આંબલિયાસણ ખાતે શાળાકીય અભ્યાસ કર્યો અને અમદાવાદના સરસપુર ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાંથી ગુજરાતી ભાષામાં સ્નાતક થયા હતા તેઓ કોલજના અભ્યાસની સાથે જ બી.જે. મેડીકલ કોલેજ ખાતે કલાર્ક તરીકે નોકરી પણ કરતા હતા. સ્નાતક થયા બાદ સીધી ભરતીમાં સરકારના મહેસુલ વિભાગમાં કલાર્ક તરીકે જોડાયા બાદ તેઓ ક્રમશ: બઢતી મેળવી મામલતદાર બન્યા હતા. વડોદરા, વિરમગામ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ જેવા સ્થળોએ ફરજ બજાવી ચુકેલા કે.કે. પટેલે તેમના કાર્યકાળ દરમિયાન વિરમગામ ખાતે અછત સમયે તળાવ ખોદાવવાનું કાર્ય કરી પ્રસંશા પ્રાપ્ત કરી હતી. ૧૯૮૦થી ગાંધીનગર રહેતા કે.કે. પટેલને નિવૃત્તિ બાદ વિવિધ સરકારી વિભાગો, નિગમ કે બોર્ડમાંથી ઓફરો આવવા છતાં તેમણે સઘળી ઓફરો નકારી 'કાયદાકીય વિષય'ના લેકર્સ આપવાનું કાર્ય શરુ કર્યું હતું. આજે તેઓ સ્પીપા, સાદરા વિદ્યાપીઠ, દિનદયાલ ભવન તથા ઈન્દિરાભવન ઉપરાંત પંચાયત તથા રેવન્યુના કર્મચારીઓને તાલીમ આપવાનું કાર્ય કરી રહ્યા છે.

વર્ષ ૧૯૭૪થી તેમને સાહિત્યનો શોખ લાગ્યો હતો પરંતુ પોતાના કોલેજ કાળમાં તેઓ કોલેજ ચેમ્પિયન એથ્લેટ રહી ચુકયા છે. લાંબી કૂદમાં ૬ મીટર અને ૫૦ સેમી કુદતા તથા ૧૦૦ મીટર દોડ માત્ર ૧૧.૭ સેકન્ડમાં પુરી કરતા કે.કે. પટેલ આજે ૬૪ વર્ષની વયે પણ ચક્ર ફેંક, બરછી ફેંક તથા હેમર થ્રોમાં ગુજરાત માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયન છે. સાહિત્યમાં આમ તો વજુ કોટક અને બ્રાયન ટ્રેસી તેમના મનગમતા લેખકો જરૂર છે પરંતુ શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયની શ્રીકાંત નવલકથા સૌ પહેલી વાંચી પછી આ ઘેલું લાગ્યું હોવાથી તેમને ગુરૂ સમાન માને છે. દર મહિને ચાર-પાંચ પુસ્તકો નવા ખરીદવા જ તેવો શોખ ધરાવતા કે.કે. પુસ્તકો તથા અખબારો, સામયિકો વગેરે વાંચીને તેમાંથી જીવનોપયોગી સુવિચારો, જુના ગીતો, ગઝલો, શાયરીઓ કે લેખો-કવિતાઓ વગેરેના કટીંગ્સનો કાળજીપૂર્વક જતન કરવાનો પણ શોખ ધરાવે છે. તેમની પાસે ૧૨૦૦થી વધુ પુસ્તકો, ૨૫૦થી વધુ સીડી અને ૫૦થી વધુ કેસેટો છે. તેમના સંગ્રહાલયમાં કાયદો, ઈતિહાસ, શૈક્ષણિક વાર્તા, સંકલન, ટાઈમ મેનેજમેન્ટ, ડિક્ષનરી, ગીત સંગીત ફિલ્મને લગતા પુસ્તકોનો સમાવેશ થાય છે. રસ્તામાં પણ સારો વિચાર આવે તો સ્કૂટર ઉભું રાખી કાગળમાં નોંધી લેવાની ચીવટ ધરાવતા હોવાથી તેમણે તેની ૧૪ સ્પાઈરલ નોંધબુકો તૈયાર કરી છે. જેમાં ૫૦૦થી વધુ વિચાર મણિકાઓ લખાયેલી છે. જેને પુસ્તક વાંચવુ હોય તે લઈ જાય તેવો ખુલ્લો અભિગમ ધરાવતા સાથે તેઓ શહેરની વિવિધ કોલેજોમાં વકતૃત્વ સ્પર્ધાઓ યોજી વિદ્યાર્થીઓને 'ગાંઠનું ગોપીચંદન' કરી ઈનામો આપીને પ્રોત્સાહિત કરે છે.



પોતાના વતનની જમીનમાં ૧૯૭૭માં કુવો ખોદાવ્યા પછી બંજર જમીનને લીલોતરી કરવા વૃક્ષોનું વાવેતર કર્યું ત્યારથી વૃક્ષો સાથે તેમનો સંબંધ બંધાયો. એમાં ગાંધીનગરના નિવૃત્ત સનદી અધિકારી એચ.બી. વરિયા અને તેમના પત્નિ દરરોજ કારમાં કેરબા ભરી વૃક્ષોને પાણી પીવડાવે છે તેવું વાંચ્યા પછી પ્રેરણા મળતા તેમણે પણ દરરોજ નિશ્ચિત સંખ્યામાં વૃક્ષોને પાણી પીવડાવવાનો નિત્યક્રમ ચાલુ કર્યો. ખાસ કરીને એપ્રિલના પ્રારંભથી ચાલુ કરીને વરસાદ આવે ત્યાં સુધી નિયમિત વૃક્ષોને જળસિંચન કરતા કે.કે. પટેલ કહે છે 'નાગરિકોએ તંત્રના ભરોસે રહેવાના બદલે જાતે જ વૃક્ષોનું જતન કરવાની જવાબદારી ઉપાડવી પડશે.' દરરોજ સવારે પાંચ વાગે ઉઠીને આ ઉપક્રમ હાથ ધરતા તેઓ કહે છે હું જીંદગીમાં કયારેય કયાંય પણ મોડો પડયો નથી. તેઓ કહે છે કે ગાંધીનગરમાં મોટાભાગના વૃક્ષો ઉધઈના કારણે નાશ પામે છે તેથી વન વિભાગે તેનો ઉપાય કરવાની જરૂર છે. વૃક્ષો વાવેતરના પ્રમાણની સામે વૃક્ષોની જાળવણીનું પ્રમાણ ઓછું હોવાનું માનતા કે.કે. નર્સરીમાંથી મોટા પાયે વૃક્ષ ખરીદી કરતી સંસ્થાને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પુરો પાડે છે. શહેરના અનેક સેકટરોમાં આશરે ૪૦૦થી વધુ વૃક્ષોનું જતન કર્યું હોવાનો દાવો કરતા તેઓ કહે છે કે 'હું જન્મ્યો ત્યારે વૃક્ષોની જે સ્થિતિ હતી તેમાં વધારો કરીને મારે કુદરતનું ઋણ ચુકવવું છે.' જીંદગીમાં કયારેય નવરા બેસવું નહી તેવા અભિગમ સાથે તેઓ પોતાના કાર્યાલયમાં પુસ્તકો વચ્ચે હોય ત્યારે એકલા નહી પરંતુ હજારો મહાનુભાવો વચ્ચે બેઠા હોય તેવો ભાવ અનુભવે છે. પોતાના પૌત્રોને વૃક્ષોના જળસિંચનમાં સાથે રાખી તેમનામાં વૃક્ષ પ્રેમ ખિલવ્યો હોવાથી બાળકો જાતે જ દરેક છોડને યાદ રાખી જળસિંચન કરાવે છે ત્યારે તેઓ ગર્વ અનુભવે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## સાહિત્ય સર્જકો અને ગાંધીનગર સાહિત્યસભાના સદસ્યો જોગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તાજેતરમાં પ્રગટ કરવામાં આવેલ શબ્દોત્સવ પુસ્તકમાં જેમની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવા સાહિત્ય સર્જકો અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને પુસ્તક મળેલ ન હોય તેમણે રવિવાર અથવા રજાના દિવસો સિવાય સવારના ૧૦ થી ૬ કલાક દરમિયાન તા.૧૪ જુન સુધીમાં નટવર હેડાઉ (નેવીગેટર્સ ૩૮૭, લક્ષ્મી ચેમ્બર્સ, બેઝમેન્ટ પંજાબ નેશનલ બેંક)ની પાછળ સે-૧૬ ખાતેથી મેળવી લેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન કાળીદાસ મેસરીયા, ઉ.વ. ૮૬
- સ્વ. મણીબેન સોકાભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. દરજાજી ભગાજી પ્રજાપતિ, ઉ.વ. ૬૨
- સ્વ. સુરસંગજી હાલાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. વરસંગભાઈ જીવાભાઈ મોદી, ઉ.વ. ૬૦
- સ્વ. પ્રબોધ નારાયણ ભાટીયા, ઉ.વ. ૯૨
- સ્વ. શૈલેષભાઈ વાલજીભાઈ શ્રીમાળી, ઉ.વ. ૪૮
- સ્વ. જામુભાઈ ચંદુભાઈ વણજારા, ઉ.વ. ૧૦૨